

P.09

સલમાન ખાન બાદ હવે શાહરૂખ ખાનને જાનથી મારી નાખવાની ધમકી

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

P.09

ભૂતકાળમાં થયેલી ભૂલોએ નવું શીખવાની તક આપી : સામંથા



www.lokpatrika.in | LOK PATRIKA | RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૯૨ । વિક્રમ સંવત ૨૦૮૧ : કારતક સુદ ૦૭ । પાના - ૧૦ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 92 • Dt. 08-11-2024 Friday • Page 10 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


રશિયા ઉત્તર કોરિયાના સૈનિકોને યુદ્ધમાં લાવ્યું પ્રથમ વખત યુક્રેનિયન સૈન્ય સાથે અથડામણ થઈ




09

08 NOVEMBER- 2024 FRIDAY



09

મહારાષ્ટ્ર-ઝારખંડમાં ૨૦૧૯ની સરખામણીએ ત્રણ ગણી વધુ જપ્તી । ૫૫૮ કરોડ રૂપિયા જપ્ત


+91 95370 00497 | 77779 20026

Near S.B. Farm, New Shahibaug, Nana Chiloda - 382330

RERA NO. PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY.AUDA/MAA11835/230523 | GUJRERAR1.GUJARAT.GOV.IN

FOR LOCATION

## ગુજરાતમાં ધીમે-ધીમે જામતી ઠંડી : મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૭ ।

ગુજરાતમાં ધીમે ધીમે શિયાળો શરૂ થયો છે. સવારે અને મોડી સાંજે ઠંડીનો ચમકારો અનુભવાય છે જ્યારે બપોરના સમયે પણ ગરમીનો અનુભવ થાય છે. આમ, રાજ્યમાં અત્યારે બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. જો કે ગુજરાતમાં ધીમે ધીમે ઠંડી વધી રહી છે. ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રીની આસપાસ છે. ગાંધીનગરમાં લઘુત્તમ તાપ માન ૧૯.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે ગુજરાતમાં સૌથી ઓછું છે.ગુજરાતમાં હાલ બેવડા હવામાનનો અનુભવ થઈ રહ્યો છે. વહેલી સવારે અને મોડી સાંજે આખી રાત ઠંડી રહે છે જ્યારે બપોર અને સાંજે ગરમી રહે છે. હાલ રાજ્યમાં બેવડી ઋતુ ચાલી રહી છે ત્યારે શરદી-ખાંસી જેવા રોગોના દર્દીઓની સંખ્યામાં પણ વધારો થયો છે. આવી સ્થિતિ વચ્ચે ગુજરાતમાં લઘુત્તમ તાપમાન ૧૯.૩ ડિગ્રીથી ૨૭.૨ ડિગ્રી વચ્ચે નોંધાયુ હતું.

## જામનગરમાં યુવતીને બ્લેકમેલ કરીને 3 નરાધમોએ મહિનાઓ સુધી દુષ્કર્મ આચર્યુ

। પ્રતિનિધિ, જામનગર, તા.૭ ।

જામનગરમાં દુષકગુરમની વધુ એક ઘટના સામે આવી છે. જેમાં ૨૧ વર્ષની યુવતીને ત્રણ નરાધમોએ મહિનાઓ સુધી ગોંધી રાખીને પોતાની વાસનાનો શિકાર બનાવી હતી. આ ઘટનામાં યુવતી સાથે સામુહિક ઈર્ટ્રી કરવામાં આવ્યો હતો. ત્યારે આ અંગે યુવતીએ પોલીસમાં જાણ કરી હતી. જે બાદ પોલીસે ફરિયાદ નોંધીને આરોપીઓને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. જોકે આ યુવતી છેલ્લા દોઢ વર્ષથી આરોપીના રેપ નો ભોગ બની રહી હતી. ત્યારે આજરોજ તેણીએ સમગ્ર ઘટના અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.મળતી માહિતી મુજબ, ૨૧ વર્ષીય યુવતીએ સીટી એ ડીવીઝનમાં આવેલા પોલીસ મથકમાં ૩ આરોપીઓ વિરુદ્ધ રેપની ફરિયાદ નોંધાવી છે. જોકે આ યુવતી જામનગર શહેરમાં આવેલા પંચશ્વર ટાવર નજીક એક ફ્લેટમાં રહેતી હતી.

### અજમાના પાકને ભારે નુકસાન

# અજમાનું વાવેતર કરતા ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો

**સપ્ટેમ્બર મહિનામાં પડેલા વરસાદના કારણે અજમાના પાકને નુકસાન : ખેડૂતોને ૫૦ ટકા કરતા વધારે નુકસાની**

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૭ ।





સામાન્ય રીતે ભાવનગર જિલ્લામાં ડુંગળીનું વાવેતર વધારે થઈ રહ્યું છે. પરંતુ મહુવા તાલુકાના ડુંડાસ ગામે સૌથી વધારે અજમાનું વાવેતર થાય છે. આ ગામમાં ખેડૂતો વધુ પ્રમાણમાં અજમાની ખેતી કરે છે. બિનપિયત ખેતી હોવાના કારણે વર્ષ દરમિયાન ખેડૂતો એક જ પાક લઈ શકે છે અને સારી આવક મેળવી રહ્યા છે. પરંતુ આ વર્ષે પડેલા વરસાદના કારણે ખેડૂતોને ભારે નુકસાન થયું છે. દર વર્ષે થતા ઉત્પાદનમાં ઘટાડો થવાની શક્યતા છે. ડુંડાસ ગામના ખેડૂતોએ પોતાની ચિંતા વ્યક્ત કરી હતી.ડુંડાસ ગામના ખેડૂત ભરતભાઈ જેરામભાઈ સોડવડીયાએ સાત ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો. છેલ્લા ઘણા વર્ષોથી અજમાની ખેતી કરે છે. ખેડૂતે ૧૫૦ વિઘા જમીનમાં અજમાનું વાવેતર કર્યું હતું. પરંતુ આ વર્ષે સપ્ટેમ્બર મહિનામાં પડેલા વરસાદના કારણે અજમાના પાકને ભારે નુકસાન થયું છે. વિઘે ૧૫ હજાર સુધીનું નુકસાન થયું છે.ખેડૂત ભરતભાઈ જેરામભાઈ સોડવડીયાએ જણાવ્યું કે, "મેં સાત ધોરણ સુધીનો અભ્યાસ કર્યો છે અને હું અમારી વડીલોની પરંપરાગત ખેતી સાથે ઘણા વર્ષોથી જોડાયેલો છું. છેલ્લા ૨૫ વર્ષથી અજમાની ખેતી કરી રહ્યા છીએ. પરંતુ આ વર્ષે અજમાની ખેતીમાં વરસાદના કારણે વધુ નુકસાન જોવા મળી રહ્યું છે. વરસાદના કારણે આ વર્ષે ૧૫૦ વિઘા કરતા પણ વધુ જમીનમાં વાવેલ અજમાને નુકસાન પહોંચ્યું છે. તેમજ અન્ય ખેડૂતોને પણ આ વર્ષે અજમાની ખેતીમાં નુકસાન પહોંચ્યું છે."વધુમાં ખેડૂતે જણાવ્યું, "સરકાર દ્વારા રાહત પેકેજમાં ભાવનગર જિલ્લાની શા માટે બાદ રાખવામાં આવ્યો છે તે પણ એક પ્રશ્ન થાય છે. વરસાદ બધી જગ્યાએ સરખો થયો છે. કપાસમાં નુકસાન છે તેમજ અજમાની ખેતીમાં પણ નુકસાન પહોંચ્યું છે. અજમાની ખેતીમાં આવેલ નુકસાન અટકાવવા માટે દવાનો છંટકાવ, ખાતરનો છંટકાવ સહિત પ્રયાસ કર્યો હતો. છતાં પણ કોઈ પ્રકારની સફળતા મળી નથી. અજમાની ખેતીમાં આ વર્ષે અજમા પાક ઉપર આવી ગયા હતા. ત્યારે જ નુકસાન થયું છે."અજમાના છોડ ઉભા સુકાઈ ગયા છે અને ખેતરો ખાલી થવા લાગ્યા છે. અજમાની ખેતીમાં આ વર્ષે વારંવાર નુકસાન પહોંચ્યો છે. અમુક એવા પણ ખેતરો રહેલા છે, જેમાં પાણીનો ઢાળ હોવાથી પાણી ન લાગતું હોય તે ખેતરોમાં અજમાને નુકસાન ઓછું પહોંચ્યું છે. આવા ખેતરમાં ૨૦% જ નુકસાન છે, બાકી ૮૦% નુકસાની થઈ છે. સપ્ટેમ્બર મહિનામાં વરસાદ પડ્યો હતો.

## વેરાવળના ડોરી, વેરાવળનાક સુંદરપાર, કોડિનારના વેળવામાં એમ કુલ ૩ ટોલનાકા

। પ્રતિનિધિ,ગીર સોમનાથ, તા.૭ ।

ટોલનાકા પર ટોલને લઈ હંમેશા વિવાદ થતો રહ્યો છે. ફરી એકવાર નવો વિવાદ સામે આવ્યો છે. ગીરસોમનાથ જિલ્લામાંથી સોમનાથ-ભાવનગર હાઈવે પર માત્ર ૬૦ કિલોમીટરના જ અંતરે ત્રણ ટોલનાકા શરૂ થતાં લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. સરકાર પ્રજાના જ પૈસાથી નવા રોડ બનાવે છે. હાઈવેનું નિર્માણ કરે છે. તે સારી વાત છે. રોડ રસ્તા સારા હોવા જ જોઈએ. પણ સરકારી તંત્ર હાઈવેનું નિર્માણ તો કરે છે પરંતુ તે હાઈવે પર તમારે વાહન હંકારવું હોય તો ટેક્ષ આપવો પડે છે. વર્ષો સુધી ટેક્ષ ઉઘરાવવામાં આવે છે. પ્રજા ટેક્ષ પણ ભરે છે. પરંતુ ટેક્ષ ઉઘરાવવાની કોઈ લિમીટ હોવી જોઈએ. પ્રજા પાસેથી ખુલ્લી લૂંટ ન ચલાવાય. ગીર સોમનાથ જિલ્લામાંથી પસાર થતાં નેશનલ હાઈવે પર ૬૩ કિલોમીટરના અંતરે જ ૩ ટોલનાકા શરૂ થતાં લોકોમાં રોષ ભભૂક્યો છે. સામાન્ય રીતે ટોલનાકુ શરૂ કરવાનો ચોક્કસ નિયમ હોય છે. અમુક કિલોમીટર પછી જ બીજુ ટોલનાકુ હોય છે. પણ અહીં નિયમો ઘોળીની પી જવાયા છે. ૬૩ કિલોમીટરના અંતરમાં ત્રણ ટોલનાકા છે. જેમાં એક વેરાવળ પાસે ડોરીમાં, બીજુ વેરાવળ નજીક સુંદરપાર અને ત્રીજુ કોડિનાર નજીક વેળવા પાસે ટોલનાકુ ખોલીને ખુલ્લેઆમ વાહનચાલકો પાસેથી ટોલની લૂંટ ચલાવવામાં આવે છે.

### કચ્છમાં ગારનેટના પાંચ કન્ટેનર એસઆઇઆઇબીએ ઝડપ્યા

# કચ્છમાં કસ્ટમ્સે ગારનેટનો ૪૦ કરોડનો જથ્થો ઝડપ્યો,લગભગ ૧૪૦ ટન જેટલો કાર્ગો ઝડપ્યો

। પ્રતિનિધિ, ભુજ,તા.૭ ।

કચ્છમાં ગારનેટના પાંચ કન્ટેનર એસઆઈઆઈબીએ ઝડપ્યા છે. કસ્ટમ્સની એસઆઈઆઈબી શાખાએ ગારનેટના પાંચ કન્ટેનર ઝડપ્યા છે. આ કન્ટેનર રાજસ્થાનથી દુબઈ મોકલવાનું આયોજન હતું. કચ્છમાં કસ્ટમ્સ વિભાગે લગભગ ૧૪૦ ટન જેટલો કાર્ગો ઝડપ્યો છે.

ગાર્નેટને બેન્ટોનાઈટ જાહેર કરીને આ જથ્થો મોકલવામાં આવતો હતો. કસ્ટમ્સ વિભાગે અંદાજે ૪૦ કરોડનો જથ્થો કબ્જે કર્યો છે. કસ્ટમ્સ વિભાગે જણાવ્યું હતું કે ઘણા ગઠિયાઓ નિકાસની રાહતનો ફાયદો ઉઠાવવા માટે ડમી કંપનીઓ બનાવીને સરકારે વર્ગીકૃત કરેલી પ્રોડક્ટ્સની નિકાસ બતાવે છે, પરંતુ તે વાસ્તવમાં બીજો જ જથ્થો મોકલતા હોય છે જે સરકારની યાદીમાં હોતો નથી. મુખ્યત્વે તેઓએ બહાર મોકલેલી વસ્તુ પરનો વેરો ઊંચો હોય છે, પરંતુ તેઓ તેને જકાતમુક્ત પ્રોડક્ટ તરીકે દર્શાવે છે.

આ રીતે તેઓ એક રીતે નિકાસ જકાત બચાવે છે. આને એક પ્રકારની દાણચોરી જ કહી શકાય. કચ્છમાં આ પ્રકારે દાણચોરી પકડાતા કસ્ટમ્સ વિભાગ પણ હરકતમાં આવી ગયું છે. તેના પગલે કચ્છમાં હવે નિકાસ માટે આવતા કસ્ટમ્સના તમામ શિપમેન્ટની ચકાસણી કરવાની સંભાવના પણ વિભાગ નકારી કાઢતું નથી.

કસ્ટમ્સ વિભાગ આ નવા પ્રકારની હરકતના પગલે સાબદુ બની ગયું છે. તેઓએ હવે નિકાસ માટે આવતા મોટા અને મધ્યમ પ્રકારના કન્સાઈનમેન્ટની રેન્ડમલી નહીં પણ નિયમિત રીતે ચકાસણી આગામી સમયમાં કરવા વિચારી રહ્યુ છે.કસ્ટમ્સ વિભાગનું કહેવું છે કે આમ કરનારી કંપનીને જંગી પેનલ્ટી પણ લાગશે અને તેની સામે કસ્ટમ્સ એક્ટ ઉપરાંત ફોજદારી કાયદા હેઠળ પણ કાર્યવાહી કરવામાં આવશે. તેઓએ જો કે હજી સુધી આ પ્રકારના પ્રોડક્ટ મોકલનારી કંપનીનું નામ જણાવ્યું નથી. આમ છતાં જણાવ્યું છે કે આ કેસની તપાસ શરૂ કરી દેવાઈ છે અને આ તપાસમાં આગળ જતાં મોટો ફણગો ફૂટે તેવી સંભાવના પણ નકારી શકાતી નથી.

## સુરેન્દ્રનગરના જોરાવરનગરમાં મોડી રાત્રે ફાયરિંગ, યુવાનની હત્યા કરી આરોપીઓ ફરાર

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૭ ।

સુરેન્દ્રનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી હોવાનું ફરી એકવાર સામે આવ્યું છે. જિલ્લામાં લૂંટ, હત્યા અને મારામારી સહિતના બનાવો સતત વધી રહ્યા છે. જેમાં જોરાવરનગર વિસ્તારમાં આવેલ મયુર પાનના માલિકનું એક શખ્સ દ્વારા બે રાઉન્ડ ફાયરિંગ કરી હત્યાની નિપજાવી કાઢી હતી.વિગતો મુજબ, અગાઉ જીતુભા ગોહિલએ વનરાજ કાળુભાઈ ખાચર પાસે પૈસાની માંગણી કરી હતી. પૈસાનું મન દુઃખ રાખી આરોપી વનરાજ ખાચર દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યું હતું, જેમાં જીતુભાનું મોત નિપજ્યું હતું. ભર બજારમાં ફાયરીંગના પગલે તમામ દુકાનો-ધંધા, રોજગાર બંધ થયા હતા અને લોકોમાં ભયનો માહોલ છવાયો હતો. ત્યારે ઘટના સ્થળે જિલ્લા પોલીસ વડા, ડીવાયએસપી, એલસીબી, એસઓજી સહિતનો પોલીસ કાફલો પહોંચી ગયો હતો અને તપાસ હાથ ધરી હતી.કોઈ અચ્છનિય બનાવ ન બને તે માટે પોલીસ દ્વારા જોરાવરનગરની મુખ્ય બજારોમાં બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

## રાજકોટમાં કેરમ રમવા બાબતે યુવકની હત્યા, સારવાર દરમિયાન યુવકનું મોત

। પ્રતિનિધિ, રાજકોટ,તા.૭ ।

રાજકોટ જિલ્લામાં દિનપ્રતિદિન હત્યાના બનાવો વધી રહ્યા છે. ત્યારે રાજકોટમાં હત્યાની ઘટના સામે આવી છે. એક યુવક પોતાના સંબંધીને ત્યાંથી ભજનમાંથી ઘર તરફ મિત્ર સાથે પરત ફરી રહ્યો હતો. ત્યારે આ યુવકને આંતરીને એક બીજા યુવકે તારે મારી સાથે ઝઘડો કરવો છે તેમ કહીને છરીના ઘા ઝીંકી દીધા હોવાનો આરોપ છે.પોલીસનો ડર સાવ ખતમ થઇ ગયો હોય તેમ હત્યાનો સિલસિલો ચાલું જ છે. ત્યારે આ ઘટનામાં બે વર્ષ પૂર્વે કેરમ રમવા જેવી નજીવી બાબતે થયેલી બોલાચાલીનો ખાર રાખીને સંબંધીને ત્યાંથી પરત ફરતા યુવકને આંતરીને બીજા યુવકે 'તારે મારી સાથે ઝઘડો કરવો છે' તેમ કહીને છરીના ઘા ઝીંકી દીધા હોવાનો આરોપ છે. ત્યારે ગંભીર રીતે ઘાયલ થયેલા યુવકના મોતથઈ તેના પરિવારમાં ગમગીનીનો માહોલ છવાઈ ગયો છે.



## પંચમહાલમાં દુકાનદારોને ૩૨,૬૧,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો

# ગરીબો માટેનું અનાજ બારોબાર વેચી દેનારા રાશનની દુકાનના ૨૦ કાળાબજારીયા સામે કડક કાર્યવાહી કરાઈ

### પંચમહાલ જિલ્લા પુરવઠા વિભાગે જિલ્લાની ૧૪ સસ્તા અનાજની દુકાનના પરવાના કાયમી રદ કરવામાં આવ્યા

। પ્રતિનિધિ, દાહોદ, તા.૭ ।

પંચમહાલમાં ગરીબોના હકનું અનાજ બારોબાર વેચી દઈને ભ્રષ્ટાચાર કરનારા રેશનીંગની દુકાનના ૨૦ કાળાબજારીયાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં પંચમહાલ જિલ્લા પુરવઠા વિભાગે જિલ્લાની ૧૪ સસ્તા અનાજની દુકાનના પરવાના કાયમી રદ કરવામાં આવ્યા છે. તેમજ ૬ સસ્તા અનાજની દુકાનનો પરવાનો ૯૦ દિવસ માટે મોકૂફ કરવામાં આવ્યો છે. આ સિવાય રદ અને મોકૂફ કરાયેલા તમામ દુકાનદારોને ૩૨,૬૧,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.પંચમહાલ જિલ્લામાં ગરીબ લાભાર્થીઓના હક્કનું અનાજ બારોબારો વેચી કાળા બજારી કરનાર અને અનાજ વિતરણ વ્યવસ્થામાં ગેરરીતિ આચરનાર સસ્તા અનાજના દુકાનદારો સામે જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા ફરી એકવાર લાલ આંખ કરવામાં આવી છે. થોડા સમય પહેલાં જિલ્લા પુરવઠા અધિકારી એચ. ટી. મકવાણા તેમજ પુરવઠા વિભાગની ટીમ દ્વારા શહેરા અને મોરવાહડફ સહિત જિલ્લાના અલગ-અલગ તાલુકામાં આવેલી સસ્તા અનાજની દુકાનોમાં આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં સસ્તા અનાજની દુકાનોમાં ઘઉં, ચોખા અને ખાંડ સહિતની વધઘટ તેમજ અન્ય કેટલીક ગેરરીતિઓ સામે આવી હતી.તેમાં ૧ મહેન્દ્ર બેલદાર કાલોલ,તા.કાલોલ,૨ ડી.એમ. જશવાણી વેજલપુર, તા.કાલોલ, ૩ અલ્પેશ જોષી કાલોલ, તા.કાલોલ, ૪ સતીષકુમાર છગનભાઈ પરમાર નાંદરખા,તા.કાલોલ,૫ જે.આર. રાઠોડ અંબાલા,તા.કાલોલ,૬ આર.એલ.નાયકા ખરેડીયા,તા. શહેરા, ૭ જીજ્ઞેશ કાન્તિભાઈ આહીર ભેંસાલ,તા.શહેરા,૮ એન.એસ.સોલંકી વાંટાવછોડા,તા. શહેરા,૯ નટવરભાઈ ભારતભાઈ પટેલીયા ખરોલી,તા. શહેરા,૧૦ અતુલકુમાર રમણભાઈ બારીઆ ખેડાપા ન.વ. વાડોદર,તા.મોરવા(હ),૧૧ અખમભાઈ સામતભાઈ પટેલ નાટાપુર,તા.મોરવા(હ),૧૨ મુકેશભાઈ અર્જુનભાઈ પટેલ મોરડુંગરા,ગોધરા ગ્રામ્ય,૧૩ અઝીઝ સાદીક વાવકુંડલીવાલા તા.પાદેડી,તા.ઘોઘંબા,૧૪ વિક્રમભાઈ બારીઆ ડુમા,તા. જાંબુઘોડાઆ તપાસ બાદ ગેરરીતિ કરનાર સામે પુરવઠા વિભાગ દ્વારા જિલ્લાની ૧૪ જેટલી સરકારી સસ્તા અનાજની દુકાનોના પરવાના કાયમી રદ કરી દેવામાં આવી છે. આ સિવાય ૬ જેટલી સસ્તા અનાજની દુકાનના પરવાના ૯૦ દિવસ માટે મોકૂફ કરવામાં આવ્યા છે. આ સિવાય દુકાન સંચાલકોને કુલ ૩૨,૬૧,૫૮૧ રૂપિયાનો દંડ કરતી નોટિસ પણ ફટકારવામાં આવી છે.તે સિવાય ૬ સંચાલકોના પરવાના ૯૦ દિવસ માટે કરાયા મોકૂફ કરાયા હતા. જેમના નામ નીચે મુજબ છે.




## સુરતમાં સ્પા સેન્ટરમાં લાગી આગ

# સ્પા સેન્ટરમાં લાગેલી આગમાં ગૂંગળામણના કારણે બેના મોત

। પ્રતિનિધિ, સુરત, તા.૭ ।

સુરત શહેરના સીટી લાઈટ વિસ્તારમાં શિવપૂજા અભિષેક નામની બિલ્ડીંગમાં ત્રીજા માળે આવેલ અમૃતયા સ્પા એન્ડ સલૂનમાં મોડી સાંજે અચાનક જ આગ લાગી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. દરમિયાન સ્પા સેન્ટરમાં કામ કરતી બે યુવતીનું આગના ધૂમાડાથી ગૂંગળામણના કારણે મોત થયું હતું. શહેરના સીટીલાઈટ વિસ્તારમાં શિવ પૂજા અભિષેક નામની બિલ્ડીંગમાં ત્રીજા માળે આવેલ અમૃતયા સ્પા એન્ડ સલુનમાં સાંજે અચાનક જ આગ લાગી હતી. ગણતરી મિનિટોમાં આગે વિકરાળ સ્વરુપ ધારણ કરતા સ્પા એન્ડ સલૂનમાં લાગેલી આગ નીચે આવેલ જિમ સુધી પહોંચી જતા જિમ પણ આગની ઝપેટમાં આવી ગયું હતું. જેના કારણે સ્પામાં કામ કરતી મનીષા અને અનિશા નામની બે યુવતીઓના મોત નીપજ્યા હતા.બંને યુવતીઓનું શ્વાસ રૂંધાવાથી મોત થયું હતું. ત્રણ યુવતીઓનો આબાદ બચાવ થયો હતો. જ્યારે બે યુવતીઓ બાથરૂમમાં ફસાઈ જતા તેમનું મોત થયું હતું. બંને યુવતીઓ નોર્થ ઈસ્ટની રહેવાસી હતી. સ્પામાં આગ લાગવાથી બંને યુવતીઓ પોતાના બચાવ માટે સ્પાની અંદર બનાવેલ રૂમની અંદર આવેલા બાથરૂમમાં ફસાઈ ગઈ હતી.

# સુરતમાં માંગરોળ ગેંગરેપ કેસમાં પોલીસે ફક્ત ૧૫ જ દિવસમાં ચાર્જશીટ રજૂ કરી

। પ્રતિનિધિ, સુરત, તા.૭ ।

સુરતના માંગરોળના મોટા બોરસરા ગામમાં સામૂહિક બળાત્કારની ઘટના સામે આવી છે, જેમાં પોલીસે ૧૫ દિવસમાં ચાર્જશીટ રજૂ કરી છે, ત્યારબાદ ૧૧ નવેમ્બરથી સુરત કોર્ટમાં ટ્રાયલ શરૂ થશે, ત્યારબાદ સમગ્ર ઘટનાની તપાસ ૧૫ દિવસમાં. પૂર્ણ કરવામાં આવી હતી.પોલીસે ૩૦૦૦ પાનાની ચાર્જશીટ રજૂ કરી હતી જેમાં ત્રણ આરોપી હતા અને શિવશંકરનું મૃત્યુ થયું હતું. ૯૬ દસ્તાવેજી પુરાવાના આધારે ચાર્જશીટ તૈયાર કરવામાં આવી છે. મુન્ના ઉર્ફે ખલબલી પાસવાન, રામજીવન સામે કેસ દાખલ કરવામાં આવશે. ત્યારબાદ સુરતમાં ૧૧ નવેમ્બરથી કોર્ટ ટ્રાયલ શરૂ થશે.સમગ્ર ઘટના તબીબી અને ડિજિટલ પુરાવાથી લઈને સ્પેક્ટ્રોસ્કોપી પરીક્ષણો સુધીના કેસ રિપોર્ટ્સ પર આધારિત છે. ઘટના ૮ ઓક્ટોબર ૨૦૨૪ની છે.







## તંત્રી લેખ...

# ટ્રેડ વોરથી ફાયદો થશે

અમેરિકા અને ચીન વચ્ચે છેલ્લા કેટલાક સમયથી આર્થિક લડાઈ ચાલી રહી છે. જેના કારણે દુનિયાના દેશો હેરાન થયેલા છે. જાણકાર નિષ્ણાંતો અને આર્થિક પંડિતો સારી રીતે જાણે છે કે આ આર્થિક લડાઈનુ મુખ્ય કારણ રાજકીય છે. બંને દેશો વચ્ચે વિશ્વમાં પ્રભુત્વ જમાવવા માટેની એક પ્રકારની સ્પર્ધા છે. ભારત અથવા તો અન્ય કોઈ દેશ આને રોકવાની સ્થિતીમાં નથી. પરંતુ કેટલાક એવા ઉપાય છે જેના કારણે ભારત અમેરિકા અને ચીન વચ્ચે આર્થિક લડાઈનો લાભ લઈ શકે છે. વેપાર શરતોને વધારે ઉદાર બનાવીને ભારત જોરદાર રીતે લાભ ઉઠાવી શકે છે. જો અમેરિકા ચીનમાંથી આયાત કરવામાં આવતી ચીજો પર ડ્યુટીને લઈને મંજુરીની મહોર મારી દેશે તો અમેરિકી ગ્રાહકોને ચોક્કસપણે મોંઘવારીનો સામવો ચોક્કસપણે કરવો પડશે.પરંતુ આ પગલાના કારણે ચીન પર અનેક ગણી માઠી અસર થશે. સાથે સાથે જેઝટીઈ જેવી મોટી કંપનીઓ દેવાળુ ફુંકી શકે છે. હાલના સમયમાં સમગ્ર વિશ્વમાં ચાલી રહેલી સંરક્ષણવાદની લહેર ભારત માટે હાનિકારક છે. આના કારણે ભારતમાં રોકાણમાં બ્રેક વાગશે. મોંઘવારીમાં વધારો થશે અને ઈનોવેશનની ગતિ પણ ધીમી થઈ જશેય. ચીનની લોકપ્રિય ટેલિકોમ કંપની જેડટીઈ દ્વારા નવમી મેના દિવસે જાહેરાત કરવામાં આવી હતી કે અમેરિકી પ્રતિબંધ તેના પર અમલી થશે તો તે પોતાની ચીજોને રોકવા માટે મજબુર બની જશે. આ પહેલા અમેરિકાએ એક યાદી જાહેર કરીને ચીનમાંથી આયાત થનાર ૧૩૦૦ વસ્તુઓ પર ૨૫ ટકા ડ્યુટી વધારી દેવાની ઓફર કરી હતી. બંને મામલામાં ધમકી મળ્યા બાદ અમેરિકાની સરકારે નિર્ણયો હાલમાં ટાળી દીધા છે. એમ કહેવામાં આવે છે કે અમેરિકા-ચીન વેપાર મંત્રણા બાદ અમેરિકા દ્વારા કોઈ નવા પગલા લેવામાં આવનાર છે. બીજી બાજુ યુરોપિયન યુનિયને કહ્યુ છે કે જો અમેરિકા આયાત ડ્યુટી ઈયુ પર લગાવશે તો તે જડબાતોડ જવાબ આપશે. હવે ભારત સરકારની સામે અમેરિકા અને ચીન વચ્ચે ચાલી રહેલી આર્થિક લડાઈનો લાભ લેવાની તક રહેલી છે. સામાન્ય રીતે આ પ્રકારના યુદ્ધની વિશ્વ પર નકારાત્મક અસર થાય છે. જ્યારે અમેરિકાએ સ્ટીલ અને એલ્યુમિનિયમ આયાત પર ડ્યુટી લાગુ કરી હતી ત્યારે તે માત્ર ચીન પર નહીં બલ્કે અમેરિકાને નિકાસ કરનાર તમામ દેશો પર ડ્યુટી લાગુ થઈ ગઈ હતી. ભારતીય સ્ટીલ અમેરિકામાં ખુબ ઓછા પ્રમાણમાં નિકાસ થાય છે જેથી ભારત પર તેની કોઈ વધારે અસર સ્થાનિક બજારમાં થઈ ન હતી. પરંતુ મેક અમેરિકા ગ્રેટ અગેઈનના કારણે જો અમેરિકા ટેક્સટાઈળ અને દવા જેવી મહત્વપૂર્ણ ભારતીય ચીજો પર ડયુટી વધારી દેવાની શરૂઆત કરે છે તો અમારી અર્થવ્યવસ્થા પર તેની પ્રતિકુળ અસર થનાર છે. જ્યાં સુધી ચીન અને અમેરિકાની વાત છે તો જંગમાં બન્ને ઘાયલ થશે.

# બ્રેઇન ટ્યુમરના ઘણા પ્રકાર રહેલા છે

બ્રેઈન ટ્યુમરને લઈને સામાન્ય લોકો પાસે ઓછી માહિતી હોય છે. વારંવાર માથામાં દુખાવો રહે અને વારંવાર ગુસ્સો આવે તો તેની અવગણા કરવી જોઈએ નહીં. ૩-૧૫ વર્ષની વયમાં અને ૫૦ વર્ષથી વધુની વયમાં આ તકલીફ થવાનો ખતરો રહે છે. આંકડા દર્શાવે છે કે ૨૦ ટકા મામલા બાળકોમાં મસ્તિષ્કના કેન્સરના હોય છે. બાળકોમાં કોઈ પણ લક્ષણ દેખાય તો તરત જ તબીબને મળવાની સલા નિષ્ણાંતો આપે છે. વિટામિન-સી, ઈ અને કેની બનેલી ચીજો હમેંશા ફાયદો કરાવે છે. મોડી રાત સુધી ન જાગવા માટેની પણ તબીબો સલા આપે છે. સાથે સાથે જંક ફુડ અને ડબ્બામાં મળનાર ચીજોને ટાળવામાં આવે તે જરૂરી છે. તબીબો બ્રેઈન ટ્યુમરના સંબંધમાં વાત કરતા કહે છે કે દિમાગમાં અસામાન્ય કોશિકાના વધારાને બ્રેઈન ટ્યુમર કહેવામાં આવે છે. આના કેટલાક પ્રકારો રહે છે. પરંતુ કેન્સર વિનાના અને કેન્સર સાથેના ટ્યુમર જુદા જુદા પ્રકારના હોય છે. તેની આંશકા ત્રણ વર્ષથી લઈને ૧૫ વર્ષની વયના કિશોર અને ત્યારબાદ ૫૦ વર્ષથી ઉપરની વ્યક્તિમાં થવાનો ખતરો વધારે રહે છે. બાળકોમાં જેનેટિક મ્યુટેશન મુખ્ય કારણ તરીકે હોય છે. જે પરિવારમાં કોઈને પહેલાથી જ આ તકલીફ હોય છે તેમાં ખતરો વધારે રહે છે. બ્રેઈન ટ્યુમરના લક્ષણો જોવામાં આવે તો વહેલી સવારે ઉઠતાની સાથે જ માથામાં દુખાવો રહે છે. ઉલ્ટીઓ થાય છે. તેમાં કેટલીક વખત માઈગ્રેન જેવા લક્ષણ જોવા મળે છે. ઝુંકવા અને કસરત કરવાની સ્થિતીમાં વધારે તેજ દુખાવો થાય છે. કાનમાં હમેંશા કોઈ અવાજ સંભળાય છે. જોવામાં પરેશાની થાય છે. વારંવાર બેહાન થવાના લક્ષણ દેખાય છે. આંખોની નસમાં સોજા આવી જાયછે. બ્રેઈન ટ્યુમરના દર્દીની યાદશક્તિ પર માઠી અસર થાય છે. બ્રેઈન ટ્યુમરના પ્રકારના વાત કરવામાં આવે તો તેના કેટલાક પ્રકાર છે. જેમાં ગ્લિઓમાં, મેનિન્ગિઆઓમ, પિટ્યુટરી ટ્યુમરનો સમાવેશ થાય છે. ગ્લિઓમાં પ્રકારના ટ્યુમર ખુબ ખતરનાક હોય છે અને તે જીવલેણ હોય છે. મેનિન્ગિઓમ પ્રકારના ટ્યુમર મસ્તિષ્કની સપાટી પર થાય છે તેની સારવાર સરળ રીતે થઈ શકે છે. તેની સારવારના કેટલાક તબક્કા હોય છે. પ્રથમ તબક્કામાં બ્રેઈન ટ્યુમર કોશિકાના વિકાસની ગતિ ધીમી હોય છે. દિમાગથી શરીરના બીજા હિસ્સામાં તેનો ફેલાવો થતો નથી. સર્જરીથી અથા તો બીજી રીતે ટ્યુમરને દુર કરી શકાય છે. કિમો અને રેડિએશન થેરાપીની જરૂર પડતી નથી. તબક્કા-૨માં ટ્યુમરની કોશિકા શરીરના બીજા હિસ્સામાં ફેલાવવા લાગી જાય છે. મોટા ભાગના દર્દીની સારવાર કિમોથેરાપી મારફતે કરવામાં આવે છે. સમય પર સારવાર ન કરાવવાની સ્થિતીમાં સ્થિતી બગડી શકે છે.તબક્કા-૨માં ટ્યુમર અતિ ઝડપથી શરીરના બીજા હિસ્સામાં ફેલાઈ જાય છે. દિમાંગને શરીરના સંકેતો ઓળખવામાં પરેશાનીનો સામનો કરવો પડે છે. રેડિએશન અને કિમોથેરાપીથી સારવાર કરવામાં આવે છે. તબક્કા-૪માં ટ્યુમર પૂર્ણ રીતે વિકસિત થાય છે. જેથી શરીરને પૂર્ણ રીતે નુકસાન પહોંચાડવા લાગી જાય છે. ગંભીરતા ખુબ વધારે થઈ જાય છે. જેના કારણે સારવારમાં કિમો, રેડિએશન અને લેજર થેરાપીની પણ જરૂર પડે છે. ટ્યુમરની ઓળખ કરવામાં આવ્યા બાદ તબીબો બાળકની સ્થિતી જુએ છે.



**વિશેષ**

શ્રીમતી અનિતા પ્રવીણ

**૨૧મી સદીમાં ભારતની સફર સદી ઉજવણી કરવા જેવી રહી છે...**

**એક રાષ્ટ્ર તરીકેની આપણી વિકાસગાથા, સાતત્યપૂર્ણ પ્રગતિ, ટેકનોલોજી, ટકાઉપણા પ્રત્યેની પ્રતિબદ્ધતા, સ્થિતિસ્થાપક ઉદ્યોગસાહસો અને આપણા વૈશ્વિક દ્રષ્ટિકોણથી સુશોભિત છે**

# ભારતની ફૂડ પ્રોસેસિંગ સંભવિતતાને મુક્ત કરવી : વર્લ્ડ ફૂડ ઇન્ડિયા ૨૦૨૩ અને તેનાથી આગળ

**ભારતમાં ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગમાં તાજેતરના વર્ષોમાં નોંધ પાત્ર વૃદ્ધિ થઈ છે અને તેમાં આગળ સતત વૃદ્ધિની પ્રચંડ સંભાવના છે. પ્રોસેસિંગ મારફતે મૂલ્ય સંવર્ધન ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રને મુખ્ય ક્ષેત્રોમાંનું એક બનાવે છે, જે ભારતની કૃષિ પરિદ્રશ્યમાં પરિવર્તન લાવી શકે છે**

૨૧મી સદીમાં ભારતની સફર સદી ઉજવણી કરવા જેવી રહી છે. એક રાષ્ટ્ર તરીકેની આપણી વિકાસગાથા, સાતત્યપૂર્ણ પ્રગતિ, ટેકનોલોજી, ટકાઉપણા પ્રત્યેની પ્રતિબદ્ધતા, સ્થિતિસ્થાપક ઉદ્યોગસાહસો અને આપણા વૈશ્વિક દૃષ્ટિકોણથી સુશોભિત છે. આ અનુકરણીય વિકાસને આપણા ઉદ્યોગોએ અને તેનાં ઘણાં ઘટક ક્ષેત્રોએ મહત્ત્વપૂર્ણ રીતે બળતણ પૂરું પાડ્યું છે, જે દરરોજ ભારતમાં પરિવર્તન લાવે છે. આ બધામાં સૌથી વધુ આશાસ્પદ, ગતિશીલ અને ઓછી ઊંચાઈ ધરાવતું ક્ષેત્ર ભારતીય ખાદ્ય પ્રસંસ્કરણ ક્ષેત્ર છે.



ભારતમાં ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગમાં તાજેતરના વર્ષોમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે અને તેમાં આગળ સતત વૃદ્ધિની પ્રચંડ સંભાવના છે. પ્રોસેસિંગ મારફતે મૂલ્ય સંવર્ધન ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રને મુખ્ય ક્ષેત્રોમાંનું એક બનાવે છે, જે ભારતની કૃષિ પરિદ્રશ્યમાં પરિવર્તન લાવી શકે છે અને ખેડૂતોની આવક બમણી કરવા માટે દબાણમાં પ્રદાન કરી શકે છે. સાતત્યપૂર્ણ વપરાશ અને ઉત્પાદનની પેટર્નને સુનિશ્ચિત કરવાના સંયુક્ત રાષ્ટ્રના સાતત્યપૂર્ણ વિકાસ લક્ષ્યાંક (એસડીજી)ને ધ્યાનમાં રાખીને ખાદ્ય પદાર્થોના બગાડમાં ઘટાડા પર ભાર મૂકવામાં આવ્યો છે. પ્રોસેસિંગ ટેકનિકમાં નવીનતા, સ્થાયી સોર્ટિંગ, પુનઃપ્રક્રિયા અને કૃષિ પેદાશોના અસરકારક ઉપયોગ મારફતે ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ ખાદ્ય કચરામાં ઘટાડો કરવામાં ઉત્પ્રેરક બની શકે છે, જે બહુવિધ એસડીજીની પ્રાપ્તિમાં પ્રદાન કરે છે.

તાજેતરના વર્ષોમાં તેના સતત ઊંચા વિકાસ દર અને ભવિષ્યના પ્રભાવશાળી અંદાજોને ધ્યાનમાં રાખીને, ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ ભારતના આર્થિક વિકાસના નિર્ણાયક પરિબળોમાંનો એક બની રહેશે. ભારત સરકારે આ ક્ષેત્રના વિકાસને વધારવા માટે અનેક નીતિગત પહેલો હાથ ધરી છે.

પ્રધાનમંત્રી કિસાન સંપદા યોજના (પીએમકેએસવાય) કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી એક યોજના છે, જેનો ઉદ્દેશ ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં આધુનિક માળખાગત સુવિધાઓ ઊભી કરવાનો છે. આ યોજનાથી આસપાસના નોંધપાત્ર રોકાણનો લાભ મળવાની અપેક્ષા છે. રૂ.૧૧,૦૦૦ કરોડના રોકાણની અપેક્ષા છે, જેણે ૫.૪૪ લાખ રોજગારીનું સર્જન કર્યું છે અને ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગને મજબૂત પ્રોત્સાહન પૂરું પાડ્યું છે. માઈક્રો ફૂડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઈઝીસ (પીએમએફએમઈ)નું પીએમ ઔપચારિકરણ અન્ય એક કેન્દ્ર પ્રાયોજિત યોજના છે, જેનો ઉદ્દેશ માઈક્રો ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગસાહસોને ઔપચારિક ક્ષેત્રમાં સામેલ કરવામાં મદદ કરવાનો છે. રૂ.૧૦,૦૦૦ કરોડનાં ખર્ચે, ૨,૦૦,૦૦૦ માઈક્રો એકમોને કેપિટલ લિન્કડ સબસિડી પ્રદાન કરશે. પીએમએફએમઈ હેઠળ ૧૫ ધિરાણ આપતી બેંકો સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે અને ૨૫ રાજ્યો માટે પ્રોજેક્ટ અમલીકરણ યોજનાઓને મંજૂરી આપવામાં આવી છે. કેન્દ્ર સરકારનું લક્ષ્ય પ્રોડક્શન લિન્કડ ઈન્સેન્ટિવ સ્કીમ ફોર ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રી (પીએલઆઈએસએફપીઆઈ) મારફતે ભારતીય ફૂડ બ્રાન્ડ્સને નાણાકીય સહાય પૂરી પાડવાનું પણ છે જે રૂ.૧૦,૯૦૦ કરોડની યોજના છે. આ યોજના દ્વારા ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં રૂ.૩૩,૦૦૦ કરોડ અને ૨.૫ લાખ નોકરીઓનું સર્જન સાથે ઉત્પાદન વધારવામાં મદદ મળશે તેવી અપેક્ષા છે.

ભારત સરકારનાં વિઝનને ઉજાગર કરતી મહત્ત્વપૂર્ણ પહેલ 'વર્લ્ડ ફૂડ ઈન્ડિયા' છે, જે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ભાગીદારી સાથેનું વૈશ્વિક આયોજન છે. આ મેગા ઈવેન્ટમાં દુનિયાભરના રોકાણકારો, નેતાઓ અને ભાગીદારોને ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં ભારતની સંભવિતતા પ્રદર્શિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૧૭માં વર્લ્ડ ફૂડ ઈન્ડિયા (ડબલ્યુએફઆઈ)ની પ્રથમ આવૃત્તિને નોંધપાત્ર સફળતા મળી હતી અને તેમાં ૬૧ દેશો અને ૨૭ રાજ્યોના નેતાઓ, પ્રતિનિધિઓ અને સહભાગીઓને આવકારવામાં આવ્યા હતા. વર્લ્ડ ફૂડ ઈન્ડિયા, ૨૦૧૭ પણ રોકાણને સરળ બનાવવામાં અભૂતપૂર્વ સફળતા સાબિત થઈ છે, જે આ ઉદ્યોગમાં પરિવર્તનશીલ વિકાસને પ્રેરિત કરશે.

ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ મંત્રાલય (એમઓએફપીઆઈ) વર્ષ ૨૦૨૩માં વિશ્વ ખાદ્યાન્ન ભારત (ડબલ્યુએફઆઈ)ની બીજી આવૃત્તિનું આયોજન કરવા જઈ રહ્યું છે, જે ખરા અર્થમાં વૈશ્વિક સ્તરે ભારતીય અને વૈશ્વિક ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગોનું સમન્વય છે. ભારતના ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગમાં નિકાસની નોંધપાત્ર સંભવિતતા છે. વૈશ્વિક ઉદ્યોગના ખેલાડીઓ સાથે જોડાઈને, ભારતીય વેપાર-વાણિજ્ય પ્રોસેસ્ડ ફૂડ માટે આ આકર્ષક નિકાસ બજારોમાં પ્રવેશ કરી શકે છે.

ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ પ્રાથમિક ક્ષેત્ર પર બનાવવામાં આવ્યો છે કારણ કે પ્રોસેસિંગ કૃષિ ઈનપુટ્સથી શરૂ થાય છે. દુનિયામાં બીજા ક્રમનું સૌથી મોટું કૃષિ ઉત્પાદન ધરાવતું ભારત વર્ષોથી ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં અતિ ઊંચી વૃદ્ધિને જાળવી રાખવા માટે સૌથી વધુ આરામદાયક સ્થિતિમાં છે. ઉપરાંત, ભારતમાં ફૂડ પ્રોસેસિંગનું સ્તર ૧૦ ટકાની આસપાસ રહે છે, જે મોટા પાયે વણખેડાયેલી સંભવિતતા દર્શાવે છે.

સંવર્ધિત શહેરીકરણ, ઊંચી આવક અને અનુકૂળ ખાદ્ય પસંદગીઓને કારણે પ્રોસેસ્ડ ફૂડની વૈશ્વિક માગમાં સતત ૪ ટકાના દરે વધારો થઈ રહ્યો છે. તેની વિશાળ વસ્તી, આવકનું સ્તર વધતું જાય છે અને મજબૂત આર્થિક વૃદ્ધિ સાથે ભારત રોકાણ માટેનું એક આશાસ્પદ સ્થળ છે, તેનો ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ સૌથી વધુ વિશ્વસનીય ક્ષેત્રોમાંના એક તરીકે ચમકી રહ્યો છે.

ભારત ૫ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ મુખ્ય ભૂમિકા ભજવવાની તૈયારીમાં છે. નવીનતા, રોકાણ અને નીતિગત સમર્થનના યોગ્ય મિશ્રણ સાથે, તે આ મહત્વાકાંક્ષી લક્ષ્યમાં નોંધપાત્ર યોગદાન આપી શકે છે. વર્લ્ડ ફૂડ ઈન્ડિયા ૨૦૨૩ સાથે ભારતની ક્ષમતા અતુલ્ય વૈશ્વિક ધ્યાન આકર્ષિત કરશે. ભારતની વિકાસગાથા સાથે એક બહેતર વૈશ્વિક ભવિષ્યને આગળ ધપાવવા માટે, ભારતીય ફૂડ પ્રોસેસિંગ સંભવિતતાનો લાભ ઉઠાવવા માટે, સ્થાનિક અને વિદેશી રોકાણકારો અને વૈશ્વિક ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ માટે આ યોગ્ય સમય છે. વર્લ્ડ ફૂડ ઈન્ડિયા ૨૦૨૩ એક સીમાચિહ્નરૂપ ઘટના બનવા જઈ રહ્યું છે અને તે ભારતીય ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગના પ્રવેશદ્વાર તરીકે છે, જે ભારતની સંભવિતતા સાથે વૈશ્વિક પડકારોનો સામનો કરશે.

શ્રીમતી અનિતા પ્રવીણ દ્વારા
સચિવ, ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ

**દૂરસંચાર વિભાગે સંપન્ન (SAMPANN) પોર્ટલ બનાવ્યું છે...**

**જે એક સીમલેસ પેન્શન પ્રોસેસિંગ સિસ્ટમ છે અને પેન્શન પ્રોસેસિંગ, મંજૂરી, અધિકૃતતા અને ચુકવણીને એક સામાન્ય પ્લેટફોર્મ હેઠળ લાવ્યું છે. આ પોર્ટલે પેન્શનના વિતરણ માટે બેંકો અથવા પોસ્ટ ઓફિસ જેવા કોઈપણ મધ્યસ્થીઓની જરૂરિયાતને દૂર કરી છે.**

# વડોદરા કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ માટે કેમ્પ યોજાયો

**આ પોર્ટલે પેન્શનના વિતરણ માટે બેંકો અથવા પોસ્ટ ઓફિસ જેવા કોઈપણ મધ્યસ્થીઓની જરૂરિયાતને દૂર કરી છે, સંપન્નમાં, પેન્શનર્સનું પોતાનું ડેશબોર્ડ હોય છે જેમાં પેન્શનની તમામ વિગતો ઉપલબ્ધ હોય છે**

કન્ટ્રોલર ઓફ કોમ્યુનિકેશન એકાઉન્ટ્સ, ગુજરાત (સીસીએ ગુજરાત) એ ભારત સરકારના સંદેશાવ્યવહાર મંત્રાલયના ટેલિકોમ્યુનિકેશન્સ વિભાગનું ફિલ્ડ યુનિટ છે અને તે ગુજરાત ટેલિકોમ સર્કલના ટેલિકોમ લાઈસન્સધારકો માટે રેવન્યુ એસેસમેન્ટ ઓથોરિટી અને ગુજરાતભરના ટેલિકોમ પેન્શનર્સ માટે પેન્શન મંજૂરી અને પેન્શન વિતરણ સત્તામંડળ છે. દૂરસંચાર વિભાગે સંપન્ન (SAMPANN) પોર્ટલ બનાવ્યું છે, જે એક સીમલેસ પેન્શન પ્રોસેસિંગ સિસ્ટમ છે અને પેન્શન પ્રોસેસિંગ, મંજૂરી, અધિકૃતતા અને ચુકવણીને એક સામાન્ય પ્લેટફોર્મ હેઠળ લાવ્યું છે. આ પોર્ટલે પેન્શનના વિતરણ માટે બેંકો અથવા પોસ્ટ ઓફિસ જેવા કોઈપણ મધ્યસ્થીઓની જરૂરિયાતને દૂર કરી છે, સંપન્નમાં, પેન્શનર્સનું પોતાનું ડેશબોર્ડ હોય છે જેમાં પેન્શનની તમામ વિગતો ઉપલબ્ધ હોય છે, તેઓ તેમના ઘરોની આરામથી તેમના ડેશબોર્ડ દ્વારા, જો કોઈ ફરિયાદ, જો કોઈ હોય તો, પણ નોંધાવી શકે છે, જે પછી આ ઓફિસ દ્વારા તાત્કાલિક ધ્યાન આપવામાં આવે છે. હાલમાં આ કચેરી સંપન્ન દ્વારા સમગ્ર ગુજરાતમાં ૩૦૦૦૦ જેટલા ટેલિકોમ પેન્શનરોને પેન્શનનું વિતરણ કરે છે.

પેન્શન અને પેન્શનર્સ કલ્યાણ વિભાગના સહયોગથી આ કચેરી દ્વારા નવેમ્બર માસમાં ગુજરાતભરમાં નેશનલ વાઈડ ડિજિટલ લાઈફ સર્ટીફીકેટ કેમ્પેઈન ૨.૦નું આયોજન કરવામાં આવ્યું છે. જીવન પ્રમાણપત્ર એ પેન્શનરો દ્વારા તેમના પેન્શનને ચાલુ રાખવા માટે કરવામાં આવતી એક મહત્વપૂર્ણ વાર્ષિક પ્રવૃત્તિ છે. ટેલિકોમ પેન્શનર્સ માટે સંપન્ન દ્વારા, લાઈફ સર્ટિફિકેટ વર્ષમાં કોઈ પણ સમયે આપી શકાય છે અને તે બાર મહિના માટે માન્ય છે. એલ.સી./ડી.એલ.સી.ની રજૂઆતની પ્રક્રિયાને સરળ બનાવવા માટે આ કચેરી દ્વારા સમગ્ર ગુજરાતમાં એલસી/ડીએલસી કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેમાં આપણા પેન્શનરો માટે “જીવન જીવવાની સરળતા” વધારવા માટે આધાર આધારિત બાયોમેટ્રિક સિસ્ટમ અને ફેસ ઓથેન્ટિકેશન એપ મારફતે એલસી/ડીએલસીનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત આ કચેરી દ્વારા ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં આ પ્રકારના એલસી/ડીએલસી કેમ્પની શ્રેણીનું આયોજન કરવામાં આવશે. આ પ્રકારનો પ્રથમ કેમ્પ આજે કલેકટર કચેરી, વડોદરાના કોન્ફરન્સ હોલ ખાતે યોજવામાં આવ્યો હતો.








# મરિન એન્જિનિયરિંગ અને નોટિકલ સાયન્સમાં પોતાની કેરિયર બનાવી શકાય છે

જો તમને દરિયાઈ લહેર પોતાની તરફ આકર્ષિત કરે છે તો આ ક્ષેત્રમાં પણ એક સફળ કેરિયર બનાવી શકાય છે. સાથે સાથે આ ક્ષેત્રે સફળ કેરિયર બનાવવા અંગે વિચારણા કરી શકાય છે.દરિયાઈ લહેરને લઈને પસંદ કરનાર અને સાહસી વિચારધારા ધરાવતા યુવાનો મરીન એન્જિનિયરિંગમાં કેરિયર બનાવી શકે છે મરિન એન્જિનિયરિંગ અને નોટિકલ સાયન્સના ક્ષેત્રમાં પોતાની કેરિયર બનાવી શકાય છે. આ ક્ષેત્રમાં શરૂઆતમાં જ પગાર ધોરણ પણ ખુબ સારા રહેલા છે. મરિન એન્જિનિયરિંગ ખુબ જ પડકારૂપ ભરેલી કેરિયર છે. કારણ કે ખુબ વધારે સમય સુધી જહાજોમાં પણ રહેવાની ફરજ પડે છે. અલબત્ત આના કારણે દેશ વિદેશમાં ફરવા માટેની તક પણ મળે છે. આવી સ્થિતીમાં તમે રોમાંચની લહેર પર કેરિયર જહાજ ચલાવી શકો છો. જો તમે બીટેક મરિન એન્જિનિયરિંગ અથવા તો બીએસસી નોટિકલ સાયન્સ કોર્સ કરી ચુક્યા છો તો આપના માટે



નોકરીની અનેક તક રહેલી છે. આ સંબંધમાં માહિતી વિદ્યાર્થીઓ માટે ખુબ ઉપયોગી સાબિત થઈ શકે છે.

ડીજી શિપિંહ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડિયાના મરિન પ્રોગ્રામમાં એડમિશન માટે કેએલ મરિન એન્ટ્રેસ એગ્ઝામનુ આયોજન કરવામાં આવે છે. આ એન્ટ્રેસ ટેસ્ટ મારફતે ખુબ મરિન એન્જિનિયરિંગ કોલેજોમાં બીટેક મરિન એન્જિનિયરિંગ અને બીએસસી નોટિકલ સાયન્સમાં પ્રવેશ આપવામાં આવે છે. ચાર વર્ષીય ડિગ્રી કોર્સ બીટેક મરિન એન્જિનિયરિંગ ડાયરેક્ટર જનરલ ઓફ શિપિંગ, ભારત સરકાર અને ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનોલોજી એજ્યુકેશનથી મંજુર કરવામાં આવ્યા છે.

બીજી બાજુ બીએસસી નોટિકલ સાયન્સ પણ ડાયરેક્ટર જનરલ શિપિંગ, ભારત સરકાર અને સંબંધિતોથી માન્યતા પ્રાપ્ત છે. આ કોર્સમાં વિદ્યાર્થીઓને નેવિગેશન, વોચ કિપિંગ, શીમેન શિપ, કાર્ગો, બ્રિજ ઈક્વિપમેન્ટ જેવી બાબતોમાં ટ્રેનિંગ આપવામાં આવે છે. આ કોર્સને પૂર્ણ કરીને તમે મરિન એન્જિનિયરિગ અને નોટિકલ સાઈન્સના ક્ષેત્રમાં શાનદાર માહિતી મેળવી શકો છો. સાથે સાથે એક શાનદાર કેરિયર નિર્માણની તક મળી શકે છે. બીટેક મરિન એન્જિનિયરિંગ અને બીએસસી નોટિકલ સાયન્સ માટે અરજી કરનારની લાયકાતની વાત કરવામાં આવે તો કોઈ પણ માન્યતાપ્રાપ્ત બોર્ડમાંથી ૧૨માં ભૌતિક શાસ્ત્ર, કેમિસ્ટ્રી અને ગણતિમાં ઓછામાં ઓછા ૬૦ ટકા માર્દ રહે તે જરૂરી છે. સાથે સાથે ધોરણ ૧૦માં અને ૧૨માં ઈંગ્લિશ વિષયમાં ઓછામાં ઓછા ૫૦ ટકા માર્ક રહે તે જરૂરી છે. બીટેક માટે ઉમેદવારમાં રિટન અને સ્પોકન ઈંગ્લિશમાં કુશળતા રહે તે જરૂરી છે.

આ પ્રવેશ પરીક્ષામાં ઉપસ્થિત રહેતા પહેલા ઉમેદવારને આ બાબતનુ ધ્યાન રાખવુ જોઈએ કે તેની વય ટ્રેનિંગ કાર્યક્રમ શરૂ થતા પહેલા ૨૫ વર્ષથી વધારે હોવી જોઈએ નહીં. આની સાથે જ કોઈ બહારની સહાય વગર અથવા તો ૬-૬ આઈ સાઈટ રહે તે જરૂરી છે. કલર બ્લાઈન્ડસનેસ પણ ન રહેવી જોઈએ. અત્રે નોંધ લેવા લાયક બાબત એ છે કે પ્રવેશ મેળવતી વેળા ઉમેદવારના મેડિકલ ટેસ્ટ ડીજી શિપિંગ ભારત સરકાર દ્વારા રહે તે જરૂરી છે. આ ફિલ્ડમાં કેટલાક શાનદાર કેરિયર વિકલ્પ છે. જેમાં નેવિગેશન ઓફિસર, મરિન એન્જિનિયરિંગ, ક્રુ મેમ્બર્સનો સમાવેશ થાય છે. એક ઓનલાઈન અરજી ફોર્મ ભરવાની જરૂર હોય છે. ફોર્મ ભરતી વેળા કોઈ પણ ખોટી માહિતી ન જાય તેની કાળજી રાખવામાં આવે તે જરૂરી છે. અરજી ફોર્મની સાથે નિર્ધારિત રેજિસ્ટ્રેશન ફિ પણ ઓનલાઈન જ જમા કરવામાં આવે છે.દેશના પ્રમુખ શહેરોમાં પરિક્ષા યોજવામાં આવે છે. ૧૮૦ મિનિટની અવધિ હોય છે. જેમાં મલ્ટીપલ ચોઈસ ટાઈપના ૨૦૦ સવાલ પુછવામાં આવે છે. જેમાં મેથ્સ, સાયન્સ, જનરલ નોલેજના પ્રશ્નો પણ હોય છે. પેપર હિન્દી અથવા તો ઈંગ્લિશ કોઈ પણ માધ્યમમાં આપી શકા છે. મરિન એન્જિનિયરિગમાં ખુબ શાનદાર કેરિયર છે. પગાર પણ ખુબ ઉંચા મળે છે. કેરિયરમાં આગળ વધવા માટે સાહસ ખુબ જરૂરી હોય છે.

Cyber Octet™

## CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD



**BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD**

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

www.lokpatrika.in
08-11-2024 Friday
લોક પત્રિકા
કૃષિ પત્રિકા @ Gujarat
LOK PATRIKA

# આ છે જામફળની 5 ઉત્તમ જાત



જામફળની શ્રેષ્ઠ જાત વિશે વાત કરવામાં આવે છે ત્યારે પંત પ્રભાતનું નામ સૌથી પહેલા આવે છે. જામફળની આ એક ખૂબ જ અનોખી જાત છે. આ જાત કૃષિ યુનિવર્સિટી પંતનગર દ્વારા વિકસાવવામાં આવી છે. પંત પ્રભાત એક ઝાડમાંથી 120 કિલો જામફળનું ઉત્પાદન કરી શકે છે. જામફળની ખેતી સમગ્ર ભારતમાં થાય છે, પરંતુ અલ્હાબાદી જામફળની વાત અલગ છે. અલ્હાબાદી જામફળ તેના સ્વાદ અને સુગંધ માટે વિશ્વભરમાં પ્રખ્યાત છે. તે એકદમ સફરજન જેવું લાગે છે. એટલા માટે લોકો તેને સેબિયા જામફળ પણ કહે છે. કહેવાય છે કે અલાહાબાદી જામફળની ખેતી બાદશાહ અકબરના સમયથી કરવામાં આવે છે. આવી સ્થિતિમાં લોકો વિચારે છે કે અલ્હાબાદી જામફળની ખેતી કરીને જ સારી આવક (Farmers Income) મેળવી શકાય છે, પરંતુ એવું નથી. જામફળની આવી ઘણી જાતો છે, જેની ખેતી બમ્પર ઉપજ આપશે.

## પંત પ્રભાત

જામફળની શ્રેષ્ઠ જાત વિશે વાત કરવામાં આવે છે ત્યારે પંત પ્રભાતનું નામ સૌથી પહેલા આવે છે. જામફળની આ એક ખૂબ જ અનોખી જાત છે. આ જાત કૃષિ યુનિવર્સિટી પંતનગર દ્વારા વિકસાવવામાં આવી છે. આ પ્રકારના જામફળ પાકે છે ત્યારે તેનો ઉપરનો ભાગ પીળો થઈ જાય છે. જ્યારે, ગુદાનો રંગ સફેદ રહે છે. પંત પ્રભાત એક ઝાડમાંથી 120 કિલો જામફળનું ઉત્પાદન કરી શકે છે.


**શ્વેતા** | શ્વેતા એ પણ જામફળની એક ખાસ જાત છે. તેને CISH લખનૌ દ્વારા વિકસાવવામાં આવ્યું છે. આ જાતની ખેતી ખેડૂતો માટે ફાયદાકારક સાબિત થશે. શ્વેતા જાતના જામફળના ઝાડની ઊંચાઈ ઓછી હોય છે. તમે 6 વર્ષ જૂના ઝાડમાંથી 90 કિલો જામફળ તોડી શકો છો. તેના એક ફળનું વજન 225 ગ્રામ સુધી હોય છે. તેની સૌથી મોટી ખાસિયત એ છે કે તેના ફળ ઘણા દિવસો સુધી બગડતા નથી.

**લખનઉ-49** | લખનઉ-49 જાતના જામફળના ઝાડ કદમાં નાના હોય છે. પરંતુ તેના ફળ ખૂબ જ મીઠા અને સ્વાદિષ્ટ હોય છે. ઉત્પાદનની દ્રષ્ટિએ પણ લખનઉ-49 જામફળ ઉત્તમ છે. તેનું એક ઝાડ 130 થી 155 કિલો જામફળનું ઉત્પાદન કરી શકે છે. ખેડૂતોમાં આ ખૂબ જ લોકપ્રિય જાત છે.

**થાઈ જામફળ** | થાઈ જામફળ એક વિચિત્ર જાત છે. તેના છોડ ખૂબ જ ઓછા સમયમાં ફળ આપવા લાગે છે. તેના જામફળની કિંમત વધુ છે. થાઈ જામફળ ઝડપથી બગડતા નથી. લણણી કર્યા પછી, તમે તેને 12 થી 13 દિવસ સુધી સ્ટોર કરી શકો છો. 4 થી 5 વર્ષ પછી, તેના એક ઝાડમાંથી 100 કિલો સુધીના ફળોનું ઉત્પાદન શરૂ થાય છે.

**લલિત** | લલિત જામફળની એક ઉત્તમ જાત છે. તેને CISH લખનૌ દ્વારા વિકસાવવામાં આવ્યું છે. તેના ફળનું વજન 200 ગ્રામ સુધી હોઈ શકે છે. તેનો રંગ કેસરી છે. જો કે, ગુદાનો રંગ ગુલાબી છે. તમે તેના 6 વર્ષ જૂના ઝાડમાંથી 100 કિલો જામફળ તોડી શકો છો. જામફળની બાગાયતમાં રોકાયેલા ખેડૂતો માટે આ જાત વધુ સારી માનવામાં આવે છે.

# ભારતમાં કેવી રીતે પહોંચ્યા બટાટા



આપણે દરેક શાકભાજીમાં બટાટાનો ઉપયોગ કરીએ છીએ, પરંતુ શું તમે બટાટાના ઈતિહાસ વિશે જાણો છો. બટાટા એ ભારતમાં રહેતા મોટાભાગના લોકોનું પ્રિય શાક છે. આજે આપણે તેના ઈતિહાસ વિશે વાત કરીશું અને જણાવીશું કે બટાટા અમેરિકા અને યુરોપ થઈને ભારત કેવી રીતે પહોંચ્યા. ઘઉં, ચોખા અને મકાઈ પછી, આ ચોથો એવો પાક છે જે સૌથી વધુ ઉપજ આપે છે. આજે ભારત વૈશ્વિક સ્તરે બટાટાના ઉત્પાદનમાં ચોથા ક્રમે છે.

## બટાટાનો ઈતિહાસ

વૈજ્ઞાનિકોના મતે બટાટાની શોધ લગભગ આઠ હજાર વર્ષ પહેલા થઈ હતી. તે સૌપ્રથમ દક્ષિણ અમેરિકામાં પેરુના ખેડૂતો દ્વારા ઉગાડવામાં આવ્યા હતા. આ પછી, તે ધીમે ધીમે સોળમી સદીમાં યુરોપના સ્પેન દેશમાં પહોંચ્યા. સ્પેનમાં, બટાટા દક્ષિણ અમેરિકાના વસાહતી દેશોમાં પહોંચ્યા અને પછી ધીમે ધીમે તેનો પાક બ્રિટન સહિત યુરોપના તમામ દેશોમાં ઉગાડવામાં આવ્યો. યુરોપ પહોંચ્યા પછી, બટાટા તમામ સંસ્થાનવાદી દેશોમાં પહોંચવાનું શરૂ કર્યું અને ધીમે ધીમે સમગ્ર વિશ્વમાં ફેલાયા.

## ભારતમાં ક્યારે આવ્યા બટાટા

જહાંગીરના શાસનકાળ દરમિયાન ભારતમાં બટાટાની પ્રથમ શરૂઆત થઈ હતી. કહેવાય છે કે બટાટાને ભારતમાં લાવવાનું કામ અંગ્રેજોએ કર્યું અને પછી તે આખા દેશમાં ફેલાઈ ગયું. આ રીતે ધીમે-ધીમે તે આખી દુનિયામાં લોકપ્રિય થઈ ગયા. હાલમાં આયર્લેન્ડ અને રશિયા જેવા દેશોના લોકો બટાટા પર સૌથી વધુ નિર્ભર છે. વડાપાવ, ચાટ, ચિપ્સ, પાપડ, ફ્રેન્ચ ફ્રાઈસ, સમોસા, ટિક્કી, ચોખા અને તમામ પ્રકારની વાનગીઓ આપણા દેશમાં બટાટામાંથી બનાવવામાં આવે છે. ભારતના લગભગ તમામ રાજ્યોમાં તેની ખેતી થાય છે. ભારતના ઉત્તર પ્રદેશ રાજ્યમાં તેનું ઉત્પાદન સૌથી વધુ છે. આ એક પાક છે જે જમીનની નીચે ઉગે છે. ચીન અને રશિયા પછી ભારત બટાટાનો સૌથી મોટો ઉત્પાદક દેશ છે. એવું કહેવાય છે કે તત્કાલિન ગવર્નર જનરલ વોરેન હેસ્ટિંગ્સ ભારતમાં બટાટા લાવ્યા હતા.

# PM પ્રણામ યોજનાને મળી કેબિનેટની મંજૂરી, પેકેજ હેઠળ 3.7 લાખ કરોડ રૂપિયાનો કરાશે ખર્ચ



PM નરેન્દ્ર મોદીની (Narendra Modi) અધ્યક્ષતામાં બુધવારે કેન્દ્રીય કેબિનેટની બેઠક મળી હતી. આ બેઠકમાં કેન્દ્ર સરકારે ખેડૂતોના (Farmers) હિતમાં ઘણા મહત્વના નિર્ણયો લીધા હતા. કેન્દ્રીય કેબિનેટે સલ્ફર કોટેડ યુરિયાની રજૂઆત માટે લીલી ઝંડી આપી દીધી છે. સલ્ફર કોટેડ યુરિયાને યુરિયા ગોલ્ડ તરીકે ઓળખવામાં આવશે. આ પહેલા સરકાર નીમ કોટેડ યુરિયા પણ લાવી છે. આ સાથે જ સરકારે નેશનલ રિસર્ચ ફાઉન્ડેશનની સ્થાપના કરવાનો પણ નિર્ણય લીધો છે.

**ખાદ્ય સુરક્ષા સહિત અનેક યોજનાઓને મંજૂરી આપવામાં આવી** | યુરિયા સબસિડી યોજનાને 31 માર્ચ, 2025 સુધી ચાલુ રાખવા માટે કેબિનેટ તરફથી મંજૂરી મળી ગઈ છે. આ ઉપરાંત જમીનની ઉત્પાદકતા વધારવા અને ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પણ અનેક યોજનાઓને મંજૂરી આપવામાં આવી છે. આ સાથે કચરામાંથી ખાતર બનાવવા માટે બજાર વિકાસ સહાય માટે 1451 કરોડ રૂપિયા ખર્ચવાની જોગવાઈ કરવામાં આવી છે. છાણમાંથી જૈવિક ખાતર બનાવીને જમીનની ગુણવત્તામાં વધારો થશે.

**ઓછા ખાતરનો ઉપયોગ કરતા રાજ્યોને પ્રોત્સાહિત કરાશે** | કેબિનેટની બેઠક બાદ કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું કે જે રાજ્ય સરકાર ઓછા ખાતરનો ઉપયોગ કરે છે તેમને કેન્દ્ર દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવશે. ખાસ વાત એ છે કે પંજાબ ખાતરના વપરાશમાં પ્રથમ ક્રમાંકનું રાજ્ય છે. પંજાબે આગલા વર્ષની તુલનામાં 10 ટકા વધુ ખાતરનો ઉપયોગ કર્યો છે, જ્યારે ત્યાં પાકના ઉત્પાદનમાં ઘટાડો થયો છે.

**કેબિનેટે ખેડૂતો માટે 3.7 લાખ કરોડ રૂપિયાના વિશેષ પેકેજની જાહેરાત કરી**

કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યું કે કેબિનેટે ખેડૂતો માટે 3.7 લાખ કરોડ રૂપિયાના વિશેષ પેકેજની જાહેરાત કરી છે. આ સાથે જ બેઠકમાં PM પ્રણામ યોજના નામની યોજના શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ યોજના હેઠળ, જો કોઈ રાજ્ય રાસાયણિક ખાતરોને બદલે જૈવિક ખાતરોનો ઉપયોગ કરે છે, તો સબસિડી પરની બચત તે રાજ્યને પ્રોત્સાહન તરીકે આપવામાં આવશે.

# આ પાકની ખેતી તમને ધનવાન બનાવશે ! એક હેક્ટરમાં 20 લાખની આવક થશે

જામુન (જાંબુડા) ખાવાનું દરેકને પસંદ હોય છે. તે એન્ટીઑકિસડન્ટ ફળ છે. આનું સેવન કરવાથી શરીરની રોગપ્રતિકારક શક્તિ વધે છે. તેમાં આયર્ન, કેલ્શિયમ અને પોટેશિયમ અને વિટામિન સી ભરપૂર માત્રામાં જોવા મળે છે. કહેવાય છે કે જાંબુ ખાવાથી હાડકાં મજબૂત થાય છે. આ જ કારણ છે કે કેરી અને જામફળ કરતાં જાંબુની કિંમત વધુ છે. જો ખેડૂત ભાઈઓ બેરીની ખેતી કરે તો તેઓ જામફળ કરતાં વધુ કમાણી કરી શકે છે. ખાસ વાત એ છે કે ઘણા રાજ્યોમાં રાજ્ય સરકારો ખેડૂતોને બેરીની ખેતી માટે સબસિડી પણ આપે છે. હાલમાં, બિહાર સરકાર બેરીની ખેતી શરૂ કરનારા ખેડૂતોને સબસિડી આપી રહી છે. બિહાર સરકાર રાજ્યમાં બેરી સહિત અનેક પાકોનો વિસ્તાર વધારવા માંગે છે. આ જ કારણ છે કે તે મુખ્યમંત્રી બાગાયત મિશન અને રાષ્ટ્રીય બાગાયત મિશન યોજના હેઠળ ખેડૂતોને 50 ટકા સબસિડી આપી રહી છે.



## જામુનના ખેતરમાં સારી ડ્રેનેજ સિસ્ટમ હોવી જોઈએ

જામુન એક ઔષધીય ફળ છે અને તેમાંથી અનેક પ્રકારની દવાઓ પણ બનાવવામાં આવે છે. ખાસ વાત એ છે કે કેરી, લીચી અને જામફળની જેમ બેરીની પણ ખેતી કરવામાં આવે છે. આ માટે પ્રથમ ખેતર ખેડવામાં આવે છે. આ પછી, હળનો ઉપયોગ કરીને ખેતરને સમતળ કરવામાં આવે છે. જો તમે ઈચ્છો તો, તમે તેના ખેતરમાં ગાયના છાણનો ઉપયોગ ઓર્ગેનિક ખાતર તરીકે પણ કરી શકો છો. આ પછી, જામુનના છોડને સમાન અંતરે વાવેતર કરી શકાય છે.

## એક હેક્ટરમાં 250 થી વધુ જામુનના છોડ વાવી શકાય છે

જામુનના છોડ વાવવાથી 4 થી 5 વર્ષમાં ફળ આવવા લાગે છે. પરંતુ 8 વર્ષ પછી છોડ સંપૂર્ણપણે વૃક્ષોનું રૂપ લઈ લે છે. આ પછી બેરીનું ઉત્પાદન વધે છે. એટલે કે 8 વર્ષ પછી તમે જામુનના ઝાડમાંથી 80 થી 90 કિલો ફળો તોડી શકો છો. જો તમે એક હેક્ટરમાં બેરીની ખેતી કરવા માંગતા હો, તો તમે 250 થી વધુ છોડ રોપી શકો છો. આ રીતે 8 વર્ષ પછી તમે 250 જામુનના ઝાડમાંથી 20000 કિલો ફળ મેળવી શકો છો. અત્યારે બજારમાં જામુન રૂ.140 પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યું છે. આ રીતે તમે એક હેક્ટરમાં બેરીની ખેતી કરીને 20 લાખ રૂપિયાથી વધુની કમાણી કરી શકો છો.

# જલ્દી ધનવાન બનવા માંગતા હોવ તો કરો કાજુની ખેતી, આ રીતે થશે તમારી આવક



લોકો માને છે કે કેરી, જામફળ, સફરજન, દ્રાક્ષ અને લીચી સૌથી મોંઘા ફળ છે. ખેડૂતો તેમની ખેતીથી સમૃદ્ધ બનશે. પરંતુ આ કેસ નથી. આ મોસમી ફળો કરતાં સુકા ફળો મોંઘા છે. બદામ, અખરોટ, અંજીર અને સૂકી દ્રાક્ષ સહિત ઘણા પ્રકારના સૂકા ફળો છે, પરંતુ કાજુ અલગ છે. તેનો દર બદામ અને અંજીર કરતા વધુ છે. કાજુમાં કાર્બોહાઈડ્રેટ, પ્રોટીન અને ફાઈબર ભરપૂર માત્રામાં જોવા મળે છે. આ સિવાય તેમાં કોપર, ફોસ્ફરસ, મેંગેનીઝ, ઝિંક અને મેગ્નેશિયમ સહિત અનેક પ્રકારના મિનરલ્સ મળી આવે છે. આવી સ્થિતિમાં જો તમે કાજુનું સેવન કરશો તો તમારા શરીરમાં લોહીની કમી નહીં થાય. આ સાથે તમારા હાડકા પણ મજબૂત બનશે. હાલમાં આવા બજારમાં કાજુનો ભાવ રૂ.1200 થી રૂ.1400 પ્રતિ કિલો છે. આવી સ્થિતિમાં જો ખેડૂત ભાઈઓ કાજુની ખેતી કરે તો તેઓ સારી કમાણી કરી શકે છે.

**20 થી 35 ડિગ્રી તાપમાન કાજુની ખેતી માટે યોગ્ય છે** | મહારાષ્ટ્ર, કર્ણાટક, કેરળ, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં ખેડૂતો મોટા પાયે કાજુની ખેતી કરે છે. પરંતુ હવે ઝારખંડ અને બિહાર જેવા રાજ્યોમાં પણ ખેડૂતોએ કાજુની ખેતી શરૂ કરી છે. કાજુનો છોડ ગરમ હવામાનમાં ઝડપથી વધે છે. આ સાથે કાજુની ઉપજ પણ સારી છે. તેની ખેતી માટે 20 થી 35 ડિગ્રી તાપમાન યોગ્ય છે. કાજુની વિશેષતા એ છે કે એકવાર તમે તેની ખેતી શરૂ કરી દો, તો તમને ઘણા વર્ષો સુધી ઉત્પાદન મળતું રહે છે.


**એક હેક્ટરમાં 10 ટન કાજુની બમ્પર ઉપજ મળશે** | જો તમે એક હેક્ટરમાં કાજુની ખેતી કરો છો, તો તમે વધુમાં વધુ 500 કાજુના છોડ વાવી શકો છો. નિષ્ણાતોના મતે, કાજુના એક છોડમાંથી તમને આખી સિઝનમાં 20 કિલો ઉત્પાદન મળશે. આ રીતે એક હેક્ટરમાં 10 ટન કાજુની બમ્પર ઉપજ મળશે. અત્યારે બજારમાં કાજુ 1200 થી 1400 રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યા છે. આ રીતે તમે 10 ટન કાજુ વેચીને બમ્પર કમાણી કરી શકો છો.



# માધુરી દીક્ષિતે IPO પહેલા જ ખરીદ્યા Swiggyના કરોડોના શેર ખરીદ્યા

પ્રખ્યાત અભિનેત્રી માધુરી દીક્ષિતે ફૂડ અને ગ્રોસરી ડિલિવરી પ્લેટફોર્મમાં રોકાણ કર્યું છે. ખાનગી પોર્ટલના રિપોર્ટ અનુસાર માધુરી દીક્ષિતે કંપનીના શેર ખરીદ્યા છે. આ કંપનીનો આઈપીઓ આ વર્ષે શેરબજારમાં લિસ્ટ થઈ શકે છે. માધુરી દીક્ષિતે સેકન્ડરી માર્કેટમાં આ કંપનીના શેર ખરીદ્યા છે. માધુરી દીક્ષિતની સાથે રિતેશ મલિકે પણ સ્વિગીમાં રોકાણ કર્યું છે. રિતેશ મલિક Innov8ના સ્થાપક છે. અભિનેત્રી માધુરી દીક્ષિતે સ્ટોક માર્કેટમાં પ્રવેશતા પહેલા ફૂડ અને ગ્રોસરી ડિલિવરી પ્લેટફોર્મ સ્વિગીના શેર ખરીદ્યા હોવાના અહેવાલ છે. મનીકંટ્રોલના અહેવાલ મુજબ, આ બાબતથી પરિચિત લોકોને ટાંકીને Innoway8 ના સ્થાપકો દીક્ષિત અને રિતેશ મલિકે સેકન્ડરી માર્કેટમાંથી શેર ખરીદ્યા છે. ઈનોવ8 એક વર્કિંગ સ્પેસ પ્લેટફોર્મ છે જેની માસિકી હલે ઓયો હોટેસલ્સની પાસે છે. દીક્ષિત અને મલિક બંનેએ સેકન્ડરી માર્કેટમાંથી 3 કરોડના શેર ખરીદ્યા છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, તેમને 1.5 કરોડનું રોકાણ કર્યું છે અને સ્વિગીમાં સમાન શેરધારક બની ગયા છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, સ્વિગીના ઈન્વેસ્ટમેન્ટ બેન્કર એવેન્ડસે સેકન્ડરી ટ્રાન્ઝેક્શનને સક્ષમ કર્યું છે. દીક્ષિતે સ્વિગીના દરેક શેર માટે 345 ચૂકવ્યા છે. મિંટ સ્વતંત્ર તરીકે રિપોર્ટની પુષ્ટી કરવામાં નથી આવી. સ્વિગીએ હજી સુધી આ વિશે કોઈ નિવેદન પણ નથી આપ્યું. જ્યારે વર્તમાન રોકાણકાર કંપનીની સહભાગિતાની આવશ્યકતા વિના કંપનીના તેના શેર નવા રોકાણકારને વેચે છે, ત્યારે તેને દ્વિતીયક વ્યવહાર તરીકે ઓળખવામાં આવે છે. આ મામલા વિશે બ્લુમબર્ગના એક રિપોર્ટના અનુસાર બેંગ્લોર સ્થિત સ્વિગી આ સપ્તાહ સુધી પોતાના પ્રારંભિક સાર્વજનિક નિર્ગમ માટે સાર્વજનિક રીતે આવેદન કરવાની યોજના બનાવી રહી છે. સ્વિગી પોતાના આઈપીઓના માધ્યમથી $1 બિલિયન એકત્ર કરવા માંગે છે અને તેના માટે તે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાની મંજૂરીની રાહ જોઈ રહી છે.

નાણાકીય વર્ષ 2024માં સ્વિગીની આવક 11,247 કરોડ રૂપિયા રહી છે. જે નાણાકીય વર્ષ 2023 કરતા 36 ટકા વધુ છે. એક વર્ષ પહેલા, સમાન નાણાકીય વર્ષમાં, કંપનીની આવક 8265 કરોડ રૂપિયા હતી. કંપનીના દૃષ્ટિકોણથી સારી વાત એ છે કે તેમની ખોટ 44 ટકા ઘટીને 2350 કરોડ રૂપિયા થઈ ગઈ છે. તમને જણાવી દઈએ કે, સ્વિગીની હરીફ કંપની Zomatoની નાણાકીય વર્ષ 2024 દરમિયાન આવક 12,114 કરોડ રૂપિયા હતી. જ્યારે આ સમયગાળા દરમિયાન કંપનીનો નફો 351 કરોડ રૂપિયા રહ્યો છે. આ વર્ષે Zomatoના શેરના ભાવમાં 120 ટકાનો વધારો જોવા મળ્યો છે. કંપની 2021માં લિસ્ટ થઈ હતી.



# આકર્ષક બનારસી સિલ્ક સાડીમાં કરીના કપુરે તસવીર શેર કરી ઉત્સાહ વ્યક્ત કર્યો

